# શ્રી ભરાડ વિદ્યા મંદિર-રાજકોટ

**ધોરણ : ૧૦** **માસ્ટર પેપર-૨** **સમયઃ ૩ કલાક**

**વિષય : સામાજિક વિજ્ઞાન** **કુલ ગુણઃ ૧૦૦**

- **સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ 54 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
  (2) પ્રશ્ન નં.53 ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે છે. (નકશાપૂર્તિના બદલે)

## વિભાગ-અ

❑ **નીચે આપેલા 1 થી 15 હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો 1 ગુણ છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** (15

(1) રંગે શ્યામ, લાંબું પહોળું માથું, ચપટું નાક, ટૂંકું-કદ ધરાવતી પ્રાચીન ભારતમાં આવેલી પ્રજા કઈ હતી ?
(અ) દ્રવિડ (બ) આર્મેનાઈડ (ક) મોંગોલોઈડ (ડ) ઑસ્ટ્રોલોઈડ (નિષાદ)

(2) સોલંકી યુગ દરમિયાન ગુજરાતની રાજધાનીનું શહેર કયું હતું ?
(અ) અમદાવાદ (બ) સુરત (ક) પાટણ (ડ) જૂનાગઢ

(3) સ્તૂપની ચારે બાજુએ ઊંચા રચેલા ગોળાકાર રસ્તાને શું કહેવાય ?
(અ) મેધિ (બ) હર્મિકા (ક) પ્રવેશદ્વાર (ડ) પરિમિતિ

(4) તમિલ ભાષામાં 'રામાયણ'ની રચના કરનાર ...
(અ) પંડિત ગિરિધર (બ) કંબલ મુનિ (ક) શંકરાનંદ (ડ) તુલસીદાસ

(5) ફતેહપુર સિકરી નામનું શહેર વસાવનાર બાદશાહ કોણ હતા ?
(અ) બાબર (બ) અકબર (ક) શાહજહાં (ડ) હુમાયુ

(6) કયા ગ્રંથમાં વાસ્તુશાસ્ત્રનો ઉલ્લેખ છે ?
(અ) ચરકસંહિતા (બ) નીતિશાસ્ત્ર (ક) બૃહદસંહિતા (ડ) ખગોળશાસ્ત્ર

(7) કઈ જમીન ભેજનો લાંબો સમય સુધી સંગ્રહ કરી શકે છે ?
(અ) રાતી જમીન (બ) કાળી જમીન (ક) પડખાઉ જમીન (ડ) પહાડી જમીન

(8) કયા રાજાએ 'વન્ય જીવો'ની રક્ષા માટેના કાયદા કરાવ્યાની નોંધ ઇતિહાસમાંથી મળી આવે છે ?
(અ) જહાંગીર (બ) બાબર (ક) હુમાયુ (ડ) અશોક

(9) કપાસના પાકને શાનાથી નુકસાન થાય છે ?
(અ) હીમ (બ) વરસાદ (ક) ગરમી (ડ) ઝાકળ

(10) પુનઃઉત્પાદિત અને પ્રદૂષણ મુક્ત ઊર્જા કઈ છે ?
(અ) સૌર ઊર્જા (બ) પવન ઊર્જા (ક) રસાયણ ઊર્જા (ડ) અણુ ઊર્જા

(11) નીચેનામાંથી કયા સ્થળે રેલવે એન્જિન બનાવવાનું કારખાનું આવેલ છે ?
(અ) વારાણસી (બ) ઈન્દોર (ક) જયપુર (ડ) લખનઉ

(12) ઈ.સ. 1950-51માં ભારતની માથાદીઠ આવક કેટલા રૂપિયા હતી ?
(અ) 125 રૂપિયા (બ) 155 રૂપિયા (ક) 225 રૂપિયા (ડ) 255 રૂપિયા

(13) વાતાવરણમાં ઓઝોન વાયુનો વિનાશ કોણ કરે છે ?
(અ) કલોરોકવોન કાર્બન્સ (બ) સલ્ફોકલોરો કાર્બન્સ (ક) કલોરોકવોન હાઈડ્રો (ડ) કલોરોફ્લોરો કાર્બન્સ

(14) ગુજરાત સરકારે કન્યાકેળવણીના ઉત્તેજન માટે કઈ યોજના અમલમાં મૂકી છે ?
(અ) માતા જશોદા બૉન્ડ (બ) નર્મદા બૉન્ડ (ક) વિદ્યાલક્ષ્મી બૉન્ડ (ડ) જશમા ઓડણ બૉન્ડ

(15) ચાર્ટર ઓફ રાઈટ્સ ...
(અ) અમેરિકા (બ) ઇંગ્લેન્ડ (ક) ભારત (ડ) સંયુક્ત રાષ્ટ્રો

## વિભાગ-બ

❑ **નીચે આપેલા 16 થી 30 પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો 1 ગુણ છે. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.** (15)

(16) નગર સભ્યતા વિકસાવનાર પ્રજા કઈ હતી ?
(17) પ્રાચીન ભારતમાં કયા કયા યુગ અસ્તિત્વમાં હતા ?
(18) ખજૂરાહોનાં મંદિરોનું નિર્માણ કયા રાજવીઓએ કરાવ્યું હતું ?
(19) ધોળાવીરામાંથી મળી આવેલ અવશેષો જણાવો.
(20) તમિલ સાહિત્યના વિખ્યાત ગ્રંથો કયા છે ?
(21) ભારતે કયા કયા ક્ષેત્રે પોતાનો ફાળો આપેલ છે ?
(22) ભારતમાંનાં ચાર મુખ્ય ધામો કયાં કયાં છે ?
(23) 'જૈવિક વિવિધતા દિન' કઈ તારીખે ઉજવવામાં આવે છે ?
(24) પાકની ઉત્પાદકતા અને ગુણવત્તા શાની પર નિશ્ચિત કરે છે ?
(25) નકારાત્મક સમતુલા કોને કહેવાય ?
(26) આર્થિક પ્રવૃત્તિ એટલે શું ?
(27) કેન્દ્રીય આયોજનના સ્થાને શાનું મહત્ત્વ વધ્યું છે ?
(28) માનવ વિકાસ આડેના મુખ્ય અવરોધો કયા કયા છે ?
(29) આંતરવર્ગીય હિંસાને જન્મ આપનાર પરિબળો જણાવો.
(30) માનસિક વિકાસ કોને કહેવામાં આવે છે ?

## વિભાગ-ક

❑ **નીચે આપેલા 31 થી 42 પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. વિકલ્પો આંતરિક છે. માગ્યા મુજબ ઉત્તર આપો.** (24)

(31) સંસ્કૃતિ માનવીને જીવન જીવવાની રીત અર્પે છે.-વિધાન સમજાવો.
(32) ગાંધાર શૈલી એટલે શું ? પ્રાચીન ભારતમાં ગાંધાર શૈલી કયારે પ્રસિદ્ધ બની હતી ?

**અથવા**

(32) કોણાર્કના સૂર્યમંદિર વિશે ટૂંકમાં માહિતી આપો.
(33) માનવસર્જિત સંસાધન એટલે શું ? તેનાં બે ઉદાહરણ આપો.
(34) ભારતમાં કયાં કયાં ફળો અને ફૂલોની ખેતી થાય છે ?
(35) બહુહેતુક યોજના અંતર્ગત કઈ સમસ્યાઓ હલ કરવાનો સમાવેશ થાય છે ?
(36) આધુનિક યુગને ખનીજયુગ શા માટે કહેવામાં આવે છે ?
(37) ભારતીય અર્થતંત્ર ક્રમશઃ વિકાસ સાધી રહ્યું છે. સમજાવો.
(38) આર્થિક ઉદારીકરણના પરિણામો જણાવો.

**અથવા**

(38) વાયુ પ્રદૂષણ ધારો પસાર કરવાનો હેતુ કયો હતો ?
(39) સામાજિક પરિવર્તન કેવાં પરિબળો દ્વારા શકય બન્યું છે ?
(40) લૈંગિક સમાનતા વિશે ટૂંકમાં માહિતી આપો.

**અથવા**

(40) સામાજિક વિકાસ એ જટીલ અને ગતિશીલ પ્રક્રિયા છે. સમજાવો.
(41) મુઘલકાલીન સાહિત્ય વિશે ટૂંકમાં માહિતી આપો.
(42) મૌર્ય સમ્રાટ અશોકે શિલાલેખો પણ સામાન્ય પ્રજાની ભાષામાં શા માટે કંડારાવ્યા હતા ?

## વિભાગ-ડ

❑ **નીચે આપેલા 43 થી 49 પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકના 3 ગુણ છે. વિકલ્પો આંતરિક છે. માગ્યા મુજબ ઉત્તર આપો.** (21)

(43) મહાકવિ કાલિદાસ વિશે ટૂંક નોંધ લખો.

**અથવા**

(43) સંગીત પારિજાત વિશે વિગતે જણાવો.
(44) પ્રાચીન ભારતે ખગોળશાસ્ત્રમાં સાધેલી પ્રગતિ જણાવો.
(45) ફતેહપુર સિકરીનું વિગતે વર્ણન કરો.
(46) જંગલોનું આર્થિક મહત્ત્વ જણાવો.

**અથવા**

(46) વહીવટી હેતુસર જંગલોને કેટલા પ્રકારમાં વહેંચવામાં આવે છે ? દરેક પ્રકારની ટૂંકમાં માહિતી આપો.
(47) વૈશ્વિકીકરણની કૃષિ ક્ષેત્રે થયેલી અસરો જણાવો.
(48) તાપ વિદ્યુત મથક વિશે ટૂંક નોંધ લખો.

**અથવા**

(48) ગુજરાતમાં કચ્છ-સૌરાષ્ટ્રના કિનારે વિન્ડફાર્મ શા માટે શરૂ કરવામાં આવ્યાં છે ?
(49) આતંકવાદથી આર્થિક વિકાસની ગતિ મંદ પડે છે. સમજાવો.

## વિભાગ-ઈ

❑ **નીચે આપેલા 50 થી 54 પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકના 5 ગુણ છે. વિકલ્પો આંતરિક છે. માગ્યા મુજબ ઉત્તર આપો.** (25)

(50) ભારતની વિવિધતામાં એકતા સંદર્ભે ઉદાહરણ સહિત સમજૂતી આપો.
(51) કૃષિ આધારિત ઉદ્યોગો વિશે વિગતે જણાવો.

**અથવા**

(51) ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગનું મહત્ત્વ જણાવો.
(52) ભારતમાં બેરોજગારીની વિશાળતાનું સ્વરૂપ વર્ણવો.
(53) તમને આપવામાં આવેલ ભારતના નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવો :
 (1) શેરડી પકવતો કોઈ એક પ્રદેશ (નામ સાથે)
 (2) નાગાર્જુન સાગર યોજના
 (3) લોખંડનું ઉત્પાદન કરતું કોઈ એક રાજ્ય (નામ સાથે)
 (4) રેશમી કાપડ ઉદ્યોગનું કોઈ એક કેન્દ્ર (નામ સાથે)
 (5) મુંબઈથી દિલ્હી જતો રેલમાર્ગ એક અટક સ્થાન (જંકશન) સાથે
(53) **ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે :** નકશા પૂર્તિને બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.
 (1) ભારતના કયા રાજ્યમાં શેરડીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે ?
 (2) નાગાર્જુનસાગર યોજના કઈ નદી પર આવેલી છે ?
 (3) ઊંચી ગુણવત્તા ધરાવતા લોખંડના ઉત્પાદનમાં ભારતનો ક્રમ કયો છે ?
 (4) રેશમનું ઉત્પાદન ભારતનાં કયાં રાજ્યોમાં થાય છે ?
 (5) મુંબઈથી દિલ્હી વચ્ચેના રેલમાર્ગ પર આવતાં બે જંકશનોનાં નામ આપો.
(54) ગ્રાહકોએ બજાવવાની વિવિધ ફરજો જણાવો.

**અથવા**

(54) ગ્રાહકના અધિકારોની વિગતે ચર્ચા કરો.

પેપર સેટરઃ **શીતલ સાવલીયા,** મો.૯૯૨૪૦ ૧૩૮૫૨ પરામર્શકઃ **ગિજુભાઈ ભરાડ**

**બોર્ડના તમામ વિષયોના પ્રેકટીસ પેપર, આઈએમપી પ્રશ્નો અને નિષ્ણાતોના સલાહ-સૂચન માટે** www.aajkaaldaily.com **ની મુલાકાત**